સિટી

સંદેશ

HMEDABAD — TUESDAY, 7•03•2023


# ઓખાના દરિયામાં ઈરાની બોટમાંથી ૪૨૫ કરોડનું હેરોઈન પકડાયું

## ૬૧ કિલો ડ્રગસના જથ્થા સાથે પાંચ ઈરાનીઓને ઝડપી લેવાયા : બોટ અને શખ્સોને ઓખા લાવવામાં આવશે

। અમદાવાદ ।

ભારતીય કોસ્ટ ગાર્ડ અને એટીએસએ સંયુક્ત ઓપરેશન હાથ ધરીને ભારતીય જળસીમામાં ૫ ક્રુ સાથે એક ઈરાની બોટને ૪૨૫ કરોડની કિંમતના ૬૧ કિલો હેરોઈન સાથે પકડી પાડતા ખળભળાટ મચ્યો છે. છેલ્લા અઢાર મહિનામાં ભારતીય કોસ્ટગાર્ડે ATS સાથેના સંકલનમાં આઠ વિદેશી જહાજોને પકડી લીધા છે અને રૂ.૨,૩૫૫ કરોડની કિંમતના ૪૦૭ કિલોગ્રામ માદક દ્રવ્યોનો જથ્થો જપ્ત કર્યો છે.

ભારતીય કોસ્ટગાર્ડે વ્યૂહાત્મક રીતે તેના બે ફાસ્ટ પેટ્રોલ વર્ગના જહાજો, ICGS મીરા અને ICGS અભિકને અરબી સમુદ્રમાં પેટ્રોલિંગ માટે તૈનાત કર્યા હતા. રાત્રિના અંધારામાં ભારતીય જળસીમામાં



કોસ્ટગાર્ડના જહાજને જોઇ બોટે ભાગવા પ્રયાસ કર્યો, અંતે બોટ પકડી લેવાઈ

ઓખાના દરિયાકિનારાથી ૩૪૦ કિ.મી. દૂર એક બોટ શંકાસ્પદ રીતે ફરતી જોવા મળી હતી. જેથી ભારતીય કોસ્ટગાર્ડના જહાજો દ્વારા આ બોટને પડકારવામાં આવતા હોડીએ અણધારી દાવપેચ શરૂ કરી હતી. ત્યારબાદ બોટનો પીછો કરી રોકી હતી. બોટની તપાસ કરતા ઈરાની બોટ હોવાનું જાણવા મળ્યું હતું. જેમાં ઈરાની નાગરિકતાના પાંચ ક્રુ હતા. કોસ્ટગાર્ડની બોર્ડિંગ ટીમ દ્વારા તપાસ દરમિયાન ક્રુનું વર્તન શંકાસ્પદ જણાયું હતું. જેથી બોટની વ્યાપક તપાસ પછી બોટમાંથી ૪૨૫ કરોડની કિંમતનો ૬૧ કિલો માદક પદાર્થ મળી આવ્યો હતો. બોટ અને ક્રુની ધરપકડ કરવામાં આવી છે અને વધુ તપાસ માટે તેને ઓખા લાવવામાં આવી રહ્યાં છે.

Scanned by CamScanner